CCDC

# Career Counselling & Development Centre

## Saurashtra University, Rajkot

104, 1st Floor, Academic Centre,
B/h, Central Bank of India
Saurashtra University Campus, Rajkot-360 005
Ph. : 0281-2587144, ccdcsauuni@yahoo.co.in

Re-Accredited
Grade A by NAAC

Dr.N.A. SHAH
Co-Ordinator

Ref.:
Date: 24/09/2018

# પ્રેસનોટ

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અંતર્ગત ચાલતા Career Counselling & Development Centre દ્વારા ૦૧ ઓકટોબર ૨૦૧૮ થી "નાયબ મામલતદાર અને સેકશન ઓફિસર" GPSC (Prelims) ૪૧૨ જગ્યાઓ માટે તાલીમ વર્ગ યોજાશે....**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અંતર્ગત ચાલતા કેરીયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર દ્વારા નાયબ મામલતદાર અને સેકશન ઓફિસર **GPSC (Prelims)** નવા ફોર્મેટ મુજબના પરીક્ષાર્થીઓને તૈયારી માટે યોગ્ય માર્ગદર્શન મળી રહે તે હેતુથી આગામી **૦૧ ઓકટોબર ૨૦૧૮** થી નાયબ મામલતદાર અને સેકશન ઓફિસર **GPSC (Prelims)** કોચીંગ વર્ગોનું આયોજન કરેલ છે.

વિદ્યાર્થીઓ આગવી તથા સફળતાપૂર્વક તૈયારી કરી સારૂ પરિણામ લાવી શકે તે ધ્યાન ઉપર લઈ સીસીડીસી દ્વારા તા. **૦૧ ઓકટોબર ૨૦૧૮** સોમવારથી તાલીમ વર્ગનું આયોજન કરાયેલ છે.

તાજેતરમાં નાયબ મામલતદાર અને સેકશન ઓફિસરની ૪૧૨ જેટલી જગ્યાઓ માટે ભરતીની જાહેરાત થયેલ છે. આ ભરતીની પરીક્ષામાં વિદ્યાર્થીઓ સફળતાપૂર્વક તૈયારી કરી શકે તે માટે નિષ્ણાંતો દ્વારા પ્રાથમિક કસોટીના હેતુલક્ષી પ્રકારનું સામાન્ય જ્ઞાનના પ્રશ્નપત્રની તૈયારીમાં ઈતિહાસ, સાંસ્કૃતિક વારસો, ભારતીય રાજ્યવ્યવસ્થા, બંધારણ, સામાજિક ન્યાય અને આંતરરાષ્ટ્રીય સંબંધો, ભારતીય અર્થતંત્ર અને આયોજન, ભૂગોળ, વિજ્ઞાન અને ટેકનોલોજી, સામાન્ય બૌદ્ધિક ક્ષમતા વગેરેનાં માર્ગદર્શક વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવશે.

સીસીડીસીના માધ્યમથી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીમાં ખૂબજ સારો પ્રતિભાવ મળી રહયો છે. તથા વિવિધ સરકારી પરીક્ષાઓમાં પરીણામમાં ખૂબ જ સુંદર દેખાવ વિદ્યાર્થીઓ દ્વારા થઈ રહયો છે ત્યારે સીસીડીસી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા સરકારશ્રીની મહત્તમ ભરતી પરીક્ષા માટે કોચીંગ વર્ગોનું આયોજન કરી રહયું છે.

ઉપરોક્ત તાલીમ વર્ગમાં જોડાવા ઈચ્છતા ઉમેદવારોએ **તા. ૨૯–૦૯–૨૦૧૮** સુધીમાં સી.સી.ડી.સી., ગ્રાઉન્ડ ફલોર, એકેડેમિક સેન્ટર, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે તેમનું રજિસ્ટ્રેશન ફોર્મ ટોકન ફી સાથે ૨ પાસપોર્ટ સાઈઝના ફોટા, નાયબ સેકશન અધિકારી અથવા નાયબ મામલતદાર નું ઓનલાઈન ભરેલ ફોર્મ, ગ્રેજ્યુએશનની માર્કશીટ, આઈ.ડી. પ્રુફ અને લીવીંગ સર્ટીફીકેટ સાથે લાવવાનું રહેશે. આ તાલીમ વર્ગ માટેનું રજિસ્ટ્રેશન ફોર્મ રૂબરૂ અથવા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વેબસાઈટ પરથી પણ મળી શકશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ પરની બેંકના વર્કીંગ દિવસોમાં જ રજિસ્ટ્રેશન ફી ભરી શકાશે. આ તાલીમ વર્ગમાં વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

પ્રતિ,
તંત્રીશ્રી,
ઉપરોક્ત પ્રેસનોટ વિદ્યાર્થીઓના લાભાર્થે આપના સુપ્રસિદ્ધ અખબારમાં વિનામૂલ્યે પ્રસિદ્ધ કરવા વિનંતી.

Co-ordinator
Career Counselling & Development Centre
Saurashtra University, Rajkot. (Gujarat)